**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

અખબારી યાદી

# રાજય સભાનું ચોમાસુ સત્ર

# જાગૃત પ્રહરીની સેવા સફર

## ઝારખંડ,ગુજરાત તેમજ સમગ્ર દેશને સ્પર્શતા પ્રશ્નો ઉઠાવતા સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણી

૨૭ જુલાઈ, ૨૦૧૦ના રોજ શરૂ થયેલું રાજય સભાનું ચોમાસુ સત્ર ૩૦ ઓગષ્ટ ૨૦૧૦ના રોજ પૂરૂ થઈ ગયું છે. રાજયસભા એ વડીલોની સભા છે. આપણું ઘર જેમ વડીલોથી શોભે તેમ આપણી લોકશાહી પણ આ વડીલોથી શોભે છે. વડીલો ઘરના મોભી છે, માર્ગદર્શક છે. રાજયસભામાં વિશિષ્ઠ અનુભવ અને કાર્યદક્ષ મહાનુભાવો બીરાજે છે, જેમને દરેક રાજયના ધારાસભ્ય પોતાના મત વડે ચૂંટીને રાજયસભામાં મોકલે છે. આમ રાજયસભા એ જન જનનું પ્રતિનિધિત્વ કરે છે.

પરિમલભાઈ નથવાણી રાજય સભામાં ઝારખંડ રાજયના પ્રતિનિધિ છે. રાજય સભાના સભ્ય તરીકે તેઓ સામાન્ય જનની સતત ચિંતા કરી રહયા છે. તેઓ રાંચી થી શરૂ કરી દ્વારકા સુધીના વિસ્તારની સતત ચિંતા કરી રહયા છે. દેશમાં બાળ મૃત્યુ દરથી લઈને વર્તમાન સમયના વિકરાળ પ્રશ્ન ઈ વેસ્ટ સુધીના વૈવિધ્ય પૂર્ણ વિષયોને લગતા પ્રશ્નો રાજય સભામાં ઉઠાવી જરૂરી માહિતી અખબારો દ્વારા લોકો સુધી પંહોચાડે છે.

લગભગ એક મહિનાના રાજયસભાના આ ચોમાસુ સત્રદરમ્યાન ૫૦ થી વધુ પ્રશ્નો પૂછી શ્રી પરિમલભાઈ નથવાણીએ એક સક્રિય સાંસદની ભૂમિકા નિભાવી છે. આ સત્રમાં પંચાયતી રાજ, માતા અને બાળ મૃત્યુ દર, સલામતી, કાયદો અને વ્યવસ્થા, રક્ષા, આરોગ્ય, ન્યાય, સિંચાઈ,રેલ્વે, ભારે ઉદ્યોગ, ઈ વેસ્ટ, પેટ્રોલીયમ અને કુદરતી ગેસ, પોલીસ આધુનિકીકરણ, ગૃહ, માર્ગો, ખનિજ, કોમનવેલ્થ ગેમ્સ, સી.બી.આઈ., હવાઈ ઉડયન, રક્ષા આધુનિકિકરણ કાર્યક્રમ, કૃષિ, શિક્ષણ, નકસલ પ્રભાવિત ક્ષેત્રોમાં વિકાસ, પ્રવાસીઓ માટે આચાર સંહિતા, રોહતાંગ પાસ ટનલ, હાઈડ્રો પાવર પ્રોજેક્ટ, કોલસા ઉત્પાદન સહિતના પ્રશ્નો રજુ કરી સરકારના જવાબો મેળવ્યા હતા. સતત અને સાર્થક લોક સંપર્ક મારફતે રાષ્ટ્રીય અને પ્રાદેશીક મહત્વના મુદાઓના અભ્યાસ બાદ આ પ્રશ્નો તેઓ તૈયાર કરે છે.

આવતી કાલના નાગરિક સમાન બાળકોના આરોગ્ય અંગે જાગૃત શ્રી પરિમલભાઈએ પુછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રી શ્રી ગુલામ નબી આઝાદે જણાવ્યું હતું કે, જનની સુરક્ષા યોજનાને પરિણામે દેશમાં બાળ મૃત્યુદરમાં નોંધનીય ઘટાડો થયો છે. વર્ષ ૨૦૦૬માં મૃત્યુદર પ્રત્યેક હજાર જીવીત જન્મો ઉપર ૫૭ હતો તે વર્ષ ૨૦૦૮માં ઘટીને ૫૩ થઈ ગયો હતો. વર્ષ ૨૦૦૫–૦૬માં જનની સુરક્ષા યોજનાના લાભાર્થી ગર્ભવતી સ્ત્રીઓની સંખ્યા માત્ર ૭.૦૪ લાખ હતી તે વર્ષ ૨૦૦૯–૧૦માં વધીને ૯૨.૨૯ લાખ થઈ ગઈ.

પર્યાવરણ એ વર્તમાન સમયની સૌથી વિકરાળ સમસ્યા છે. સાંસદશ્રીએ આ અંગે ચિંતા વ્યકત કરી કલાઈમેટ ચેન્જ અંગે પૂછેલા સવાલના જવાબમાં કેન્દ્રના પર્યાવરણ મંત્રીશ્રી જયરામ રમેશે દેશમાં વનોની પ્રગાઢતા તથા જૈવિક વિવિધતા સાથે વનોનું આવરણ વધે તે માટે હરિત ભારત રાષ્ટ્રીય મિશનના વિચારની વાત જવાબમાં કહી હતી. ભારતીય વન સ્થિતિ ૨૦૦૪ના અહેવાલ પ્રમાણે ૨૦૦૭ તથા ૨૦૦૯ના મૂલ્યાંકન પ્રમાણે એક દશકમાં વન આવરણમાં ૩૧,૩૪૯ ચોરસ કિલો મીટરનો વધારો એટલે કે ૪.૭૫ ટકા પરિવર્તન જણાયું છે. દેશનાં વનક્ષેત્રોમાં વધારો થતો રહયો છે તેવું પણ આ પ્રશ્નના જવાબમાં જાણવા મળ્યું હતું.

પેટ્રોલિયમ ઉત્પાદનો પર વસુલવામાં આવતા અપ્રત્યક્ષ કરોમાં ફેરફાર અંગે શ્રી પરિમલભાઈ નથવાણી દ્વારા પૂછવામાં આવેલ સવાલના પ્રત્યુતરમાં કેન્દ્રના પેટ્રોલિયમ રાજયમંત્રી શ્રી જિતિન પ્રસાદે જણાવ્યું કે પેટ્રોલિયમ ઉત્પાદનો પર વસૂલવામાં આવતા અપ્રત્યક્ષ કરોમાં ફેરફાર કરવો તે ભાવ ઘટાડવા માટેનો એક માત્ર વિકલ્પ નથી. કેન્દ્ર અને રાજયના કરો મળી પેટ્રોલ ઉપર લીટર દીઠ રૂ. ૨૫.૦૧ પૈસા અને ડીઝલ ઉપર લીટર દીઠ રૂ. ૧૦.૯૯ પૈસા કર ગ્રાહક ચૂકવે છે. રાજય સરકાર દ્વારા વસૂલવામાં આવતા વિવિધ કરોમાં લીટર દીઠ પેટ્રોલ ઉપર રૂ. ૮.૫૭ પૈસા વેટ અને ડીઝલ ઉપર રૂ. ૪.૪૩ પૈસા વેટ વસુલવામાં આવે છે. જયારે જાહેર વિતરણ વ્યવસ્થાના કેરોસીન ઉપર ૫૯ પૈસા વસૂલવામાં આવે છે. ઘરેલુ વપરાશના ગેસ સીલીન્ડર ઉપર વેટ વસુલવામાં આવતો નથી.

કેન્દ્રીય અન્વેષણ બ્યુરો (સી.બી.આઈ) અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં સંસદીય બાબતોના રાજય મંત્રી શ્રી પૃથ્વીરાજ ચૌહાણે સંસદમાં જણાવ્યુ કે વર્ષ ૨૦૦૭,૨૦૦૮ અને ૨૦૦૯માં કુલ મળીને ૩૦૫૦ કેસો નોંધવામાં આવ્યા હતા. જૂન ૨૦૧૦ની સ્થિતિ એ ૧૦૬૯ કેસોમાં તપાસ ચાલી રહી હતી. વર્ષ ૨૦૦૭માં ૬૭૪, ૨૦૦૮માં ૬૪૨ અને ૨૦૦૯માં ૭૯૯ કેસોનો ટ્રાયલ તબકકે નિકાલ કરવામાં આવ્યો હતો. જયારે વર્ષ ૨૦૦૭માં ૪૨૬, ૨૦૦૮માં ૩૮૨ અને ૨૦૦૯માં ૪૩૫ કેસોમાં આરોપીઓને દોષિત જાહેર કરવામાં આવ્યા હતા.

2/3

વર્તમાન સમયના પર્યાવરણ સામેના મોટા પડકાર સમાન ઈલેકટ્રોનિકસ સામાનના ભંગારના નિકાલ અંગે શ્રી પરિમલભાઈ નથવાણીએ પૂછેલા સવાલના જવાબમાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી જયરામ રમેશે જણાવ્યું કે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણ પ્રમાણેના અનુમાન મુજબ વર્ષ ૨૦૦૫માં દેશમાં ઈલેકટ્રોનિક વેસ્ટ ૧.૪૭ લાખ મેટ્રીક ટન હતો જે વર્ષ ૨૦૧૨ સુધીમાં વધીને ૮ મેટ્રીક ટન થવાની ધારણા છે.સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ અનુસાર યૂરોપીય સંઘમાં લગભગ પ્રતિ વ્યકિત દરવર્ષે ૧૪ થી ૧૫ કિ.ગ્રા. ઈ કચરો ઉત્પન્ન થવાની ધારણા છે. ચીન અને ભારત જેવા દેશોમાં પ્રતિ વ્યકિત વાર્ષિક એક કિ.ગ્રા.થી પણ ઓછો ઈ –કચરો ઉત્પન્ન થાય છે. ઈ વેસ્ટના સલામત નિકાલ માટ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૦૮માં આપવામાં આવેલ માર્ગદર્શન પ્રમાણે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે.

ઉધોગ કે અર્થતંત્ર, પર્યાવરણ કે સમાજ–કલ્યાણ કે દેશની આંતરિક અને બાહય સુરક્ષા જેવા વિવિધ વિષયો ઉપર વેધક પ્રશ્નો ઉપસ્થિત કરી ને સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણી માત્ર ઝારખંડ જ નહિ પરંતુ સમગ્ર દેશના પ્રતિનિધિ તરી કે જાણે કે સંસદના ઉપલા ગૃહમાં પોતાના સભ્યપદની સાર્થકતા સિધ્ધ કરી રહયા છે.રાજય સભામાં થતી કામગીરી એ સમગ્ર દેશમાં અસરકર્તા હોય છે અને તેથી તેને સામાન્ય નાગરિક સુધી સંદેશવાહક તરીકે પંહોચાડવી આવશ્યક છે. આ સંદેશવાહકની ભૂમિકામાં શ્રી પરિમલભાઈ નથવાણી સતત પ્રવૃત રહી એક જાગૃત પ્રહરી બની રહયા છે.

OOOOOOOOOOOOOO

3/3